# શહેરમાં હીટવેવની સ્થિતિ હજુ યથાવત

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં હીટવેવની સ્થિતિ યથાવત રહી છે. કાળઝાળ ગરમીથી વસાહતીઓને હજુ એકાદ અઠવાડિયું કોઈ રાહત મળે તેવી શક્યતા નથી. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી જેટલુ ઉંચુ રહ્યા બાદ આજે તે ૪૩.૮ ડિ.સે. રહેતા ગરમી યથાવત રહી હતી.

ગાંધીનગરમાં ગરમીનો પારો આજે યથાવત રહ્યો હતો. વસાહતીઓ કાળઝાળ ગરમીમાં પરેશાન રહ્યાં હતા. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી રહેતા વસાહતીઓએ આકરી ગરમી અનુભવી હતી. આજે પણ હીટવેવની સ્થિતિ યથાવત રહેતા આખો દિવસ ગરમ લૂ ફુંકાઈ હતી. આકરી ગરમીથી ત્રસ્ત વસાહતીઓ ઘરમાં જ પુરાઈ રહ્યાં હતા. છેક મોડી સાંજે બજારોમાં થોડીક ચહલપહલ જોવા મળી હતી. ગરમી ખુબ વધતા પાણી અને વીજળીનો વપરાશ વધી ગયો છે. પશુ-પંખીઓની સ્થિતિ પણ ખૂબ જ ખરાબ થઈ ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શ્રમિકોને લાવનાર કંપનીના સંચાલકોને મનપાએ તાકીદ કરી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં સે. ૧૦ની શ્રમિક વસાહતમાંથી મળેલા કોલેરા પોઝીટીવના કેસને પગલે મનપાના આરોગ્ય તંત્રએ કંપનીના સંચાલકોને પત્ર લખી શ્રમિકોના હિતમાં આરોગ્ય વિષયક પગલાં નિયમિત રીતે લેવાય તે માટે કડક તાકીદ કરી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દર સપ્તાહે મજૂરોનું સ્ક્રીનીંગ થાય, મજૂરોને પીવા માટે ક્લોરીનેશનવાળુ શુદ્ધ પાણી મળી રહે તે જોવા જણાવ્યુ છે.

એક સપ્તાહ સુધી કંપનીના તબીબના સહયોગ માટે એક તબીબી અધિકારીને પણ ખાસ પ્રતિનિયુક્તી પર મુકવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

# બાપુ કહે છે કોંગ્રેસમાં જ છું છતાં પણ અટકળોનો દોર

## બાપુ જાય છે વાત પર પડદો પાડવામાં સફળ ગેહલોતે પણ શરતો મુકી : સામે પક્ષે બાપુએ પણ કેટલીક શરતો રાખી હોવાની વાતોથી રાજકીય ગરમાવો

ગાંધીનગર, તા. ૨૬

પૂર્વ મુખ્યમંત્રી અને વિપક્ષના નેતા તેમજ દિગ્ગજ કોંગી અગ્રણી શંકરસિંહ વાઘેલાના નિવાસસ્થાને 'વસંત વગડા' ખાતે બાપુ સાથે દોઢ કલાકથી પણ વધુ સમય સુધી મંત્રણાનો દોર ચલાવ્યા બાદ ગુજરાતના પ્રભારી અશોક ગેહલોતે જણાવ્યુ હતુ કે કોંગ્રેસ એકજૂટ થઈ વિધાનસભાની આગામી ચૂંટણીઓ લડશે.

જો કે તેમણે પત્રકારોના સીધા અને અણિયાળા સવાલોના જવાબ ખુબજ સિફતાઈથી ટાળી દીધા હતા અને બધા એક જ હોવાનો રાગ આલાપી એવા સંકેતો જરૂર આપ્યા હતા કે ચૂંટણીને લગતી કામગીરીને લઈ આગામી દિવોસમાં સંગઠ્ઠન અને કાર્યકર્તાઓ નેતાઓ સક્રિય બનશે.

તેમણે કહ્યું હતું કે તેઓ બધાને મળી રહ્યા છે એમ જ આજે બાપુને

● અનુસંધાન પાન-૭ પર



### રાહુલ ગાંધી અને અહમદ પટેલ વચ્ચે બેઠક

ગાંધીનગર, તા. ૨૬

રાહુલ ગાંધી અને અહમદ પટેલ વચ્ચે પણ આજે બેઠક દિલ્હીમાં થઈ હોવાના અહેવાલો છે. જેમાં ગુજરાતની વર્તમાન સ્થિતિ અને શંકરસિંહ વાઘેલા મુદ્દે પણ ચર્ચાઓ થઈ હોવાની વાતો પાટનગરમાં ટોક ઓફ ધી ટાઉન બની હતી.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં બસ સેવાના નામે મીંડુ

## હાઇટેક વિકાસની વાતો વચ્ચે ગ્રામજનોને બસ સેવા પણ ઉપલબ્ધ નથી : ગ્રામજનો પરેશાન

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના હજુ સાકાર થઈ નથી. શા ટે પર્યાપ્ત બસ સુવિધા પણઁ ઉપલબ્ધ ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે.નગરના એસ ટી ડેપોમાં સલામતીના નામે મીંડુ છે. રોજબરોજ મુસાફરો તસ્કરીનો ભોગ બને છે. ત્યારે ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવાના મામલે પણ અભ્યાસથી આગળ કાંઈ થઈ શક્યુ નથી. પોલીસ ચોકી માટે જગ્યા પસંદગી બાદ પણ પોલીસ તંત્ર દ્વારા કોઈ પગલા ન લેવાતા હજુ સુધી ચોકી કાર્યરત થઈ શકી નથી. જેના લીધે બસમાં બેસતા મુસાફરોના વારંવાર ખિસ્સા કપાય છે. દાયકાઓથી એસ ટી ડેપોમાં મુસાફરોની સલાતમીનો પ્રશ્ન રામભરોસે છે. આમછતા કોઈ પગલા લેવાતા નથી.બીજીતરફ શેહેરી બસ સેવાના રૂટ પણ યોગ્ય રીતે ન ગોઠવાતા મુસાફરોએ ડગલે ને પગલે હાલાકી વેઠવી પડતી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. બીજીતરફ ગાંધીનગર આસપાસના ગામોએ લાંબા સમયથી એસ ટી બસ જોઈ પણ ન હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. ગાંધીનગર ડેપો પાસે ગ્રામ્ય વિસ્તારનુ સંચાલન જ નથી. જયારે કલોલ ,માણસા અને દહેગામ ડેપોના અણધડ આયોજનના લીધે ગ્રામજનોને સલામત સવારી નસીબ થઈ શકી નથી. એટલુ જ નહીં પરંતુ નિયત રૂટમાં દોડતી બસોને પણ બંધ કરી

● અનુસંધાન પાન-૭ પર

### નેશનલ યુથ એવોર્ડ ફેડરેશન ઓફ ઈન્ડિયાના

# ગુજરાતના ઉપપ્રમુખ તરીકે ઘનશ્યામ પટેલની વરણી

ગાંધીનગર, તા. ૨૬

નેશનલ યુથ એવોર્ડ ફેડરેશન ઓફ ઈન્ડિયા તરફથી ગુજરાત રાજયના ઉપપ્રમુખ તરીકે ધી ગાંધીનગર નાગરિક કો-ઓપ બેંક લી.ના ચેરમેનની નિમણુંક કરવામાં આવી છે. ઘનશ્યામ પટેલ ગાંધીનગરના જાણીતા યુવા અગ્રણી અને નેશનલ યુથ એવોર્ડ વિનર છે. ઘનશ્યામ પટેલની ગુજરાત રાજય ઉપપ્રમુખની નિમણુંકથી ગુજરાત રાજયની યુવક પ્રવૃત્તિઓમાં નવો વેગ મળશે. ઘનશ્યામ પટેલ ભુતકાળમાં કેશુભાઈ સરકારમાં રાજય યુવક બોર્ડમાં ડિરેકટર તરીકે સેવાઓ આપી ચુકયા છે. ગાંધીનગરની સ્વૈચ્છિક અને સામાજિક સંસ્થાઓમાં તેમનું નોંધપાત્ર યોગદાન રહેલું છે. ધી ગાંધીનગર નાગરિક કો-ઓપ બેંકમાં છેલ્લા ૨૫ વર્ષથી ડિરેકટર તરીકે



સેવાઓ આપી રહ્યા છે. ઘનશ્યામ પટેલની નિમણુંકથી શહેર અને રાજયમાં હર્ષ અને આનંદની લાગણી સાથે તેમની પ્રગતિ ઉત્તરોત્તર થાય તેવી શુભેચ્છાઓનો વરસાદ મિત્રો તરફથી વરસી રહ્યો છે.

# શહેરમાંથી કોલેરાનો કેસ મળ્યો

## સે. ૧૦ની શ્રમિક વસાહતમાં ૨૦ વ્યક્તીઓને ઝાડા-ઉલ્ટીના દર્દી મળ્યા : બે ને સિવિલમાં દાખલ કરાયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સે. ૧૦માં આવેલ મજૂર વસાહતમાંથી આજે કોલેરા પોઝીટીવનો એક કેસ મળી આવ્યો છે. એટલુ જ નહિ પણ ૨૦ જેટલા શ્રમિકોને ઝાડા થઈ ગયાની ફરિયાદને પગલે મનપાનું આરોગ્ય તંત્ર દોડતુ થયુ છે.

ગુજરાત વિધાનસભાના ચાલી રહેલ રિનોવેશન માટે આવેલા વીએલપી કંપનીના શ્રમિકોને કામચલાઉ આવાસ માટે સે. ૧૦માં ફળવાયેલ વસાહતમાંથી આ કેસો મળી આવ્યા છે. કોલેરા પોઝીટીવનો દર્દી હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યારે અન્ય એક સાદા ઝાડાના દર્દીને પણ ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૧૦ની શ્રમિક વસાહતમાંથી મળી આવેલા આ દર્દીને પગલે મનપાના હેલ્થ ઓફિસર તેમની ટીમ સાથે વસાહતમાં દોડી ગયા હતા અને તાબડતોબ હાજર શ્રમિકોના આરોગ્યની ચકાસણી પણ શરૂ કરાઈ હતી.

તંત્રના અધિકારીઓએ શ્રમિકો દ્વારા વિધાનસભા સંકુલમાંથી પીવા માટે લઈ આવતા પાણીના નમુના મેળવવા માટે માર્ગ મકાન વિભાગના અધિકારીઓને જણાવ્યુ હતુ એટલુ જ નહિ તેની ચકાસણી માટે તે જલસેવામાં મોકલી આપવા પણ સૂચના આપી હતી.

ગરમીનો પ્રકોપ તેમજ શ્રમિકોની ખાવાની આદત પણ કારણભૂત હોવાનુ મનાઈ રહ્યુ છે. તંત્રના અધિકારીઓએ શ્રમિકોને હાથ ધોવા સહિત સ્વસ્થ રહેવા માટે શુ કરવુ જોઈએ તે અંગે જાગૃતિ અભિયાન પણ હાથ ધર્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે શ્રમિકોને કામ આપનાર એજન્સીએ પણ પાણીના નમુના મેળવી તેમની રીતે અલગથી ચકાસણી માટે મોકલ્યાનું પણ જાણવા મળેલ છે.

અગાઉ વિધાનસભાની પેયજળની ગુણવત્તા અંગે પ્રશ્નાર્થો ઉઠ્યા હતા. જો કે આ પછી સત્ર અને તે સિવાય વિધાનસભાના કર્મયોગી માટે પાણીના જગ ખરીદવામાં આવ્યા હતા.

રિનોવેશનની કામગીરીને પગલે પાણીની પાઈપલાઈનોને નુકશાન થયાનું પણ અનુમાન છે.

ગાંધીનગર શહેરમાં પાણીજન્ય રોગચાળાએ જે રીતે માથુ ઉંચક્યુ છે તેને લઈ પાણીની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થ ઉભા થયા છે.

# નીટ પરીક્ષા પ્રશ્ને કેન્દ્ર-રાજય સરકારને હાઈકોર્ટની નોટિસ

## સત્તાવાળાઓના પક્ષપાતી વલણથી ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને પ્રવેશ વખતે ભારે અન્યાય થવાની દહેશત

અમદાવાદ, તા.૨૬

નેશનલ એલિજીબીલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ(એનઈઈટી-નીટ)ની તાજેતરમાં લેવાયેલી પરીક્ષામાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ભારોભાર અન્યાય થયો હોવાનો મુદ્દો ઉપસ્થિત કરતી એક અરજન્ટ રિટ અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થઈ છે. હાઈકોર્ટે આ કેસમાં કેન્દ્ર સરકાર, રાજય સરકાર સહિતના સંબંધિત પક્ષકારોને કારણદર્શક નોટિસો જારી કરી છે અને કેસની વધુ સુનાવણી જૂન માસમાં રાખી છે. સીબીઈએસઈ (સેન્ટ્રલ બોર્ડ) દ્વારા તા.૭મી મેના રોજ લેવાયેલી નીટની પરીક્ષામાં ગુજરાતના વિદ્યાર્થીઓને ભારે અન્યાય થયો છે. કારણ કે, નીટની પરીક્ષામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના પૂછાયેલા પ્રશ્નપત્ર બંને અલગ-અલગ હતા. એટલું જ નહી, અંગ્રેજી માધ્યમ કરતાં ગુજરાતી માધ્યમનું પેપર વધુ અઘરૂં હતુ, જેના કારણે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને પેપરમાં ઘણો અન્યાય થયો છે.

સત્તાવાળાઓના આવા ભેદભાવભર્યા વલણના કારણે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓના પરિણામ પર ગંભીર અસરો પડે તેમ છે અને તેના આધારે હાથ ધરાનારી આગળના પીજી મેડિકલ અને ડેન્ટલની પ્રવેશ પ્રક્રિયામાં પણ ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ભારોભાર અન્યાય થવાની દહેશત છે. આ સંજોગોમાં હાઈકોર્ટે આ સમગ્ર મામલે દરમ્યાનગીરી કરી સત્તાવાળાઓને જરૂરી આદેશો કરવા જોઈએ. અરજદારપક્ષની રજૂઆત સાંભળ્યા બાદ હાઈકોર્ટે ઉપરમુજબ નોટિસો કરી હતી કેસની વધુ સુનાવણી જૂન માસમાં યોજાશે



સુમસામ માર્ગો - છેલ્લા ત્રણ દિવસથી શહેરમાં હીટવેવની અસર સતત વર્તાય છે... બપોરના ધોમધખતા તાપમાં રાહદારીઓ કે વાહન ચાલકો બહાર નિકળવાનું ટાળે છે.... શહેરના મોટાભાગના માર્ગો બપોરના સમયે સુમસામ રહે છે... કર્મચારીઓ કચેરીઓમાં તથા ગૃહિણીઓ ઘરમાં ગરમીથી બચવા ઠંડકવાળા વાતાવરણમાં રહે છે... શહેરમાં નાગરિકોએ રોજબરોજના કામકાજ સવારે કે સાંજે કરવાનું યોગ્ય માન્યું હતું...


ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™

Autoclaved Aerated Concrete Blocks

ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦

sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



गुजरात केन्द्रीय विश्वविद्यालय

(भारत की संसद के अधिनियम सं. 25, 2009 के तहत स्थापित)

CENTRAL UNIVERSITY OF GUJARAT

(Established by an Act of Parliament of India, No 25 of 2009)

Sector-29, Gandhinagar382030, Gujarat, India

ADVERTISEMENT No. 04/2017-18 23th May 2017

ADMISSION ANNOUNCEMENT 2017-18

The University invites online applications from eligible candidates for admissions to various academic programmes for the year 2017-18. The online application form will be available on the University website (www.cug.ac.in) from 29th May, 2017. An Online Entrance Test will be conducted at various centres across India on 09th July, 2017.

**Programmes Offered**

**Ph.D. programmes**

(a) Library and Information Sciences (b) Applied Chemistry (c) Social Management (d) Nano Sciences

**Integrated M.Phil.-Ph.D. programmes**

(a) Economics (b) Chemical Sciences (c) Environment and Sustainable Development (d) Life Sciences (e) Nano Sciences (f) Diaspora Studies

**2-Year Postgraduate programmes**

**(i) M.A. in** (a) Social Work (b) Political Science (c) Migration and Diaspora Studies (d) Social Management (e) English (f) Gujarati (g) Hindi (h) Economics (i) Sociology (j) Politics and International Relations

**(ii) (M.Lib.I.Sc.) (Two Year) in** Master of Library and Information Sciences

**(iii) M.Sc. in** (a) Climate Change and Sustainable Development (b) Chemical Sciences (c) Environmental Sciences (d) Industrial Chemistry (e) Life Sciences (f ) Nanotechnology

**3-Year Undergraduate programmes**

**(I) B.A. in** (a) German (b) Chinese

**(ii) B.Voc.** (Bachelor of Vocation Course on Rational Approach to Drug Design)

**1-Year Post Graduate Diploma**

(a) Post Graduate Diploma in Digital Library and Information Management (P.G.D.L.I.M.)

**Certificate course in** Analytical Technique for Visually Challenged (SixMonths).

All relevant details will be available on the University website www.cug.ac.in 29 May, 2017 onwards.

Registrar



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯

મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com